GJSK030005702024

સ્પે.દિ.મુ.નં.૦૩/૨૦૨૪

વાદીની કામચલાઉ મનાઈ હુકમ માટેની
આંક–૫ ની અરજી લગત હુકમ

---

(૧) વાદીએ હાલની અરજી સિવિલ પ્રોસીજર કોડ ઓર્ડર–૩૯, રૂલ–૧, ૨ તથા કલમ–૧૫૧ મુજબ દાવો ચાલતા દરમ્યાન સુધીનો કામચલાઉ મનાઈ હુકમ મેળવવા માટે દાખલ કરેલ છે.

(૨) વાદીની હાલની આંક–૫ ની અરજી વંચાણે લીધી. તેમાં તેઓએ સદર અરજી કરી દાદ માંગેલ છે કે, મોજે–તલોદ, તા.તલોદના ખેરોલ ગામની સીમમાં ખાતા નં.૧૫૫ થી સર્વે/બ્લોક નં.૪૩૩ની ૦– ૮૩ –૮૩ હે. આરે. ચો. મી આકાર રૂ. ૨.૮૦ વાળી જમીન વેચાણ કરવાની જાહેરાત કરતા અમો વાદીઓએ સદરહું જમીન વેચાણ લેવાની દરખાસ્ત મુકેલી. આ કામના પ્રતિવાદી નં–૧ અને ૨ સાથે સદરહું જમીન વેચાણ લેતા પહેલા સદરહું જમીન પ્રતિવાદી–૧ અને ૨ નાઓ માલીક અને કબજેદાર છે કે નહી તેની તપાસ કરી અને સદરહું જમીન ની વેચાણ કિંમત નકકી કરતા આ કામના પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓએ અમો વાદીને સદરહું જમીનની વેચાણ કિંમત બાબતે વાતચીત થતા સદરહું જમીનની ઉચ્ચક કિંમત રૂા.૪૦,૮૧ ૦૦૦ અંકે રૂપીયા ચાલીસ લાખ એકયાશી હજાર નકકી ઠરાવવામાં આવેલ અમો વાદીઓ આ જમીન વેચાણ લેવા રાજી અને ખુશી હતા અને પ્રતિવાદી–૧ અને ૨ નાઓએ સદરહું જમીન વેચાણ આપવા તૈયાર હોવાથી અમો વાદીઓએ સદરહું જમીનની નકકી કરેલ વેચાણ

કિંમત પેટે પ્રતિવાદી નં–૧ અને ૨ નાઓને રૂા.૫,૧૧,૦૦૦ /– બાના પેટે આપેલા અને પ્રતિવાદી–૧ અને ૨ નાઓ વચ્ચે અમો વાદી એ નોટરી રૂબરૂ વેચાણ બાનાખત કરાર તા.૪/૯/૨૦૨૩ના રોજ સાક્ષી રૂબરૂમાં કરવામાં આવેલ તે બાનાખત કરારની વિગતે આ કામના પ્રતિવાદી–૧ અને ૨ નાઓ એ સદરહું જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટી મેળવી અને સદરહું જમીનમાં ખેતી વિષયક રસ્તાનો નિકાલ કરી અને અમો વાદીઓને રજી. દસ્તાવેજ કરી આપવાનો હતો. અમો વાદી તરફે કરારનું પાલન કરવા તૈયાર અને રાજી હતા.આ કામના પ્રતિ વાદી–૧ અને ૨ નાઓ સાથે થયેલ કરાર મુજબ પ્રતિવાદી–૧ અને ૨ નાઓ ની કાયદેસરી જવાબદારી એ હતી કે તેઓ અમો વાદીઓ ને રજી.દસ્તાવેજ કરી આપે અને અમો વાદીની ફરજ હતી કે અમો નકકી થયેલ વેચાણ કિંમત આપી અને રજી. વેચાણ દસ્તાવેજ કરવા તૈયાર રહીએ. અમો વાદીઓ આ કામના પ્રતિવાદી નં.–૧ અને ૨ નાઓ સદરહું જમીનનો દસ્તાવેજ કરી આપવા માટે વારંવાર માંગણી કરવા છતાં આ કામના પ્રતિવાદી–૧ અને ૨ નાઓ અમો વાદી ખોટા વાયદાઓ કરતા આવેલા એ કેહતા કે સદરહું જમીન ના રસ્તાની તકરાર ચાલે છે તેનો નિકાલ આવે પછી તમોને દસ્તાવેજ કરી આપીશું હમણાં દસ્તાવેજ થાય તેમ નથી તેવો ઉડાઉ જવાબ આપી સમય વ્યતીત કરતા આવેલા આમ ઉપરોકત હકીકતો એ આ કામના પ્રતિવાદી–૧ એ ૨ નાઓ એ અમો વાદી સાથે થયેલ કરારનું પાલન નહી કરી અને બાના પેટે અમો વાદીઓ પાસેથી મેળવેલ મોટી રકમ પરત આપ્યા સિવાય કે કરાર રદબાતલ કરવાની કોઈ કાયદેસરની જાણ કર્યા સિવાય અમારી જાણ બહાર આ જમીન આ કામના આ કામના પ્રતિવાદી–૩ અને ૪ નાઓ ને રૂા.૬,૭૨,૦૦૦ અંકે છ લાખ બોતેર હજાર પુરાનો જમીનનો

દસ્તાવેજ કરી અને મોટી રકમો અવેજ મેળવી અને વેચાણ આપેલ છે તેની જાણ અમો વાદીઓને થતા અમો વાદીઓએ આ કામા પ્રતિ વાદી નં–૧ અને ૨ નાઓને રૂબરુમાં મળવા જઈ અને રજુઆત કરતા આ કામના પ્રતિવાદી–૧ અને ૨ નાઓએ અમો વાદી સાથે ઝગડો કરેલ અને અમોને અપમાનીત કરી કાઢી મુકેલા એ અમારી બાનાની રકમ પણ આપવાની ના પાડેલ. આમ અમો વાદી સદરહું જમીનના અગાઉ ના ખરીદનાર તરીકે પ્રતિવાદી–૧ અને ૨ નાઓએ કરારનું પાલન કરી અને અગ્રતા ક્રમે અમો વાદીનો વેચાણ લેવાનો પ્રથમ હકક બને છે. આ કામના પ્રતિવાદી–૩ અને ૪ નાઓએ સદરહું જમીન વેચાણ લેતા પહેલા સદરહું જમીનના ટાઈટલ સંબંધી કોઈ નોટીસ આપેલ નથી અને સ્ટેમ્પ ડયુટી બચાવવા રૂા.૬,૭૨,૦૦૦ ની જમીનની કિંમત બતાવી અને સરકાર સાથે પણ પ્રતિવાદીએ ઠગાઈ કરેલ છે. તેથી પણ સદરહું જમીનનો રજી.દસ્તાવેજ થી વેચાણ રાખનાર પ્રતિવાદી–૩ અને ૪ નો દસ્તાવેજ કાયદેસરનો ન હોઈ નલ એન્ડ વોઈડ ઠરાવવા આ દાવો દાખલ કરવાની જરૂરીયાત પડેલ છે. જે દાવા અરજી ચાલવામાં ઘણો સમય જાય તેમ છે તે સમયમાં પ્રતિવાદી–૩ અને ૪ નાઓ આ જમીન અન્ય કોઈને વેચાણ કરી દે તેવી પાકી દહેશત છે તેથી પણ અમોને આ દાવા અરજી ચાલતા સમય સુધીનો કામચલાઉ મનાઈ હુકમ મેળવવા અરજી કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે.

આ કામના પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓ એ અમો વાદી ને તા.૪/૯/૨૦૨૩ ના રોજ રૂા.૩૦૦ ના સ્ટેમ્પ પેપર નં–૦૦૧ ૩૯૦૩૬૭૨ ઉપર નોટરી એડવોકેટ શ્રી.એ.એ.મોદી સમક્ષ હાજર રહી અને સદરહું જમીનની વેચાણ કિંમત રૂા.૪૦,૮૧૦૦૦ નકકી કરી અને બાનાની રકમ પેટે રૂા.૫,૧૧,૦૦૦ અંકે પાંચ લાખ અગીયાર હજાર

પુરા પ્રતિવાદી–૧ અને ૨ નાઓ એ સ્વીકારેલ અને તેની પાકી રસીદ આપેલ તે કરારનું પાલન નહી કરે અને આ કામના પ્રતિવાદી નં–૩ અને ૪ નાઓને રજી.દસ્તાવેજ નં–૦૧૧૬/૨૦૨૪ થી તા.૧૦/૧ /૨૦૨૪ ના રોજ રૂા.૬,૭૨,૦૦૦ અંકે રૂપીયા છ લાખ બોતેર હજાર પુરામાં વેચાણ આપેલ તેની જાણ અમો વાદીઓને રેવન્યુ રેકર્ડ કઢાવતા આ કામના પ્રતિવાદી–૩ અને ૪ ના નામે વેચાણ રાખનાર તરીકેની કાચી નોંધ–૪૬૪૪ થી પ્રતિવાદી–૩ અને ૪ ના નામે ફેરફાર થયાની જાણ તા.૧૯/૧/૨૦૨૪ ના રોજ થતા અમો વાદીઓએ આ બાબતે જાણ થયેલ કે આ કામના પ્રતિવાદી–૧ એ ૨ નાઓએ અમો વાદી સાથે ગુનાહીત વિશ્વાસઘાત અને છેતરપીંડી કરવાના ઈરાદે નોટરી રૂબરુમાં બાનાખત કરાર કરી અને કરારનું પાલન કરવા અમો વાદી તૈયાર હોવા છતાં પ્રતિવાદી–૧ અને ૨ નાઓ એ ખોટા વાયદાઓ કરી અને રજી. દસ્તાવેજ નહી કરી આપી અને અમારી જાણ બહાર પ્રતિવાદી–૩ અને ૪ પાસેથી વધુ અવેજ મેળવવાના ઈરાદે વેચાણ દસ્તાવેજ કરેલ છે તેથી અમો વાદીઓને કરારનું પાલન કરવા માટે સદરહું જમીનનો રજી.દસ્તાવેજ નલ એન્ડ વોઈડ ઠરાવી અને અમો વાદીઓને આ કામના પ્રતિવાદી–૧ અને ૨ નાઓ વેચાણ રજી. દસ્તાવેજ થી વેચાણ આપે તેવું ઠરાવવા આ દાવો દાખલ કરવાનું વ્યાજબી કારણસર દાવા અરજી દાખલ કરી રહયા છીએ તે દાવાઅરજી ચાલતા સમયમાં પ્રતિવાદીઓ આ જમીન બીજાને વેચાણહકક થી વેચાણ આપવાની તજવીજમાં છે તેથી અમો વાદીને તાકીદે પ્રતિવાદી ઓને રોકવા જરૂરી હોઈ આ કામચલાઉ મનાઈઅરજી દાખલ કરવાનું કારણ ઉપસ્થિત થયેલ છે. અમો વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અમો

વાદીઓની તરફેણમાં છે ઈરીપીએબલ લોશ પણ અમો વાદીઓને થાય તેમ છે. પ્રતિવાદીઓને કોઈ નુકશાન કે હાની થાય તેમ નથી કે તરફેણમાં બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ નથી તેથી અમો વાદીઓની આ અરજી કરવાની જરૂર પડેલ છે.

સબબ અરજ કરી દાદ માંગવાની કે.....

(અ) મોજે–તલોદ, તા.તલોદના ખેરોલ ગામની સીમમાં ખાતા નં.૧ ૫૫ થી સર્વે/બ્લોક નં.૪૩૩ ની જુનો નં.૩૪૫ ક્ષેત્રફળ ૦–૮૩ –૮૩ હે. આરે. ચો. મી જમીન આ કામના પ્રતિવાદી ૩ અને ૪ નાઓ સદરહું દાવાવાળી વાદગ્રસ્ત જમીનમાં દાવાનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી પ્રવેશ કરે કરાવે નહી કે આ જમીન ઉપર બોજો કે ધીરાણ મેળવે નહી કે સદરહું જમીન અન્ય કોઈને વેચાણ,ગીરો કે બક્ષીસ કે મુખત્યાર ની રીતે તબદીલી કે હસ્તાંતર કરે કરાવે નહી કે કોઈ કરાર કરે કરાવે નહી તેવો દાવો ચાલતા સમય સુધીનો કામ ચલાઉ મનાઈ હુકમ ફરમાવવા મહેરબાની કરશોજી.

(બ) બીજી આપ નામ. કોર્ટને યોગ્ય અને વ્યાજબી લાગે હર કોઈ દાદ આપવા અપાવવા મેં. કરશોજી.

(૩) હાલના કામે વાદીના દાવાનો તથા આંક–૫ ની મનાઈ અરજીનો સમન્સ આ કામના પ્રતિવાદીઓને બજતા આ કામના પ્રતિવાદી ઓએ આંક–૨૪ થી વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીનો લેખિત જવાબ રજુ કરી જણાવેલ છે કે, જેમાં વાદીને અમો પ્રતિવાદીઓ સામે તદન ખોટે ખોટી હકીકતો ઉપજાવી કાઢી તદન ખોટી દાવા અરજી કરેલ હોઈ દાવા અરજી રદ કરવી જોઈએ. વધુમાં ખરી હકીકતે જણાવેલ છે કે,અમો પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓએ વાદીને જમીન વેચાણનો શરત કરાર કરી આપેલ હતો

અને એવુ નકકી કરવામાં આવેલ હતુ કે જયારે રસ્તા અંગેનો નિકાલ થયે ત્યારે અમો તમામ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી આપીશું અને નિકાલ ના થાય તો અમોએ બાનામાં લીધેલ રૂપીયા પરત આપીશું તેવી શરત સાથે બાના કરાર કરવામાં આવેલો. પરતું રસ્તાનો નિકાલ ન થતા અમો પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓએ તા.૮/૧/૨૪ ના રોજ બાનની રકમ પરત લઈ જવા સારુ નોટીસ આપેલ પરંતુ વાદી રકમ પરત લઈ જવા આવેલ નહી. જેથી અમો પ્રતિવાદી નં. ૩ તથા ૪ નાઓને રસ્તાાની કોઈ તકરાર ન હોવાાથી અમો પ્રતિવાદી નં.૧ તથા ૨ નાઓએ તેમને જમીન વેચાણ આપેલ છે અને રજી. વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે. જે કાયદેસરનો છે.નોટરી બાનાખત અમોએ શરતી કરી આપેલ છે જે રસ્તાનો નિકાલ ન થાય તો પૈસા આપીશુ જેથી અમોએ પૈસા પરત આપવા નોટીસ મોકલેલ છે અને તે નોટીસ હાલના વાદીને મલી ગયેલ છે. તેમ છતા આજદીન સુધી પૈસા પરત લેવા માટે આવેલ નથી. જેથી કરાર નો ભંગ વાદીએ કરેલ છે જેથી દાવો કરવા હાલના વાદી હકકદાર નથી. પ્રતિવાદી નં.૩ તથા ૪ નાઓની જમીન સદર દાવા જમીનના એક શેઢા ઉપર આવેલ હોવાથી સદર જમીનમાં જવા આવવા માટે તેમને કોઈ તકલીફ ના હોવાથી પ્રતિવાદી નં.૧,૨ નાઓએ પ્રતિવાદી નં.૩ તથા ૪ નાઓને જમીન વેચાણ આપેલ છે અને વિવાદનો અંત આવેલ છે. આ દસ્તાવેજ કરતા પહેલા પ્રતિવાદી નં.૧,૨ નાઓએ હાલના વાદીને વકીલ મારફતે નોટીસ આપેલ છે તેમ છતાં બાનામાં આપેલ રકમ કરતા માતબર રકમ ખોટી રીતે મેળવવા સારુ હાલનો દાવો કરેલ છે. જેથી વાદીની દાવા તથા મનાઈ અરજી ખર્ચ સાથે રદ કરવા વિનંતી છે.

(૪) વાદી તરફે આ કામે આંક–૪ ના પુરાવા લીસ્ટથી નિ.૪/૧ થી નિ.૪/૭ સુધી દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે. તે સિવાય અન્ય કોઈ દસ્તાવેજો રજુ થયેલ નથી.

(૫) આ કામે પક્ષકારો તરફે રજુ થયેલ પક્ષ નિવેદનો તથા રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લેતાં હાલની અરજીના ન્યાય નિર્ણય સારુ નીચે મુજબના મુદૃા ઉપસ્થિત થાય છે.

–: મુદૃા :–

(૧) શું વાદી સાબીત કરે છે કે, તેઓનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(૨) શું સગવડ અગવડતાની સમતુલા વાદીઓની તરફેણમાં છે ?

(૩) શું વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું પારાવાર નુકસાન થવાની શકયતાઓ રહેલી છે ?

(૪) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદૃાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) હકારમાં

(૩) હકારમાં

(૪) આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત મુદૃાના નિર્ણય માટેનાં કારણો નીચે મુજબ છે.

–: કારણો :–

મુદૃા નંબર–૧ થી ૩ :–

(૭.૧) એ સર્વ માન્ય સિધ્ધાંત છે કે કામ ચલાઉ મનાઈ હુકમ એ સમન્યાયની દાદ છે, અને સમન્યાયની દાદ મેળવવા માંગતી વ્યકિતએ કોર્ટ રુબરુ ચોખા હાથે આવવુ જોઈએ તથા રેકર્ડ પરથી ત્રણ વસ્તુઓ તેમની તરફેણમાં સાબિત કરવાની રહે છે. આ ત્રણ વસ્તુઓમાં સર્વ પ્રથમ વાદીએ રેકર્ડ પરથી સિધ્ધ

કરવાનુ રહે છે કે તેમનો પ્રથમ દર્શનીય કેસ છે. પરંતુ પ્રથમ દર્શનીય કેસ છે તેમ માત્ર સિધ્ધ કરવાથી વાદી આપો આપ કામચલાઉ મનાઈ હુકમ મેળવવા પાત્ર ઠરતા નથી. પરંતુ વાદીએ ત્યારબાદ એ હકીકત સંતોષકારક રીતે સિધ્ધ કરવાની રહે છે કે, સગવડતાની તુલા વાદીની તરફેણમાં છે અને મનાઈ હુકમ આપવામાં ન આવે તો સામા પક્ષ કરતા વાદીને વધુ આર્થિક નુંકસાન જાય તેમ છે. આ ઉપરાંત કોર્ટે પક્ષકારોની વર્તણુક તથા ડીલ અને લેચીસ ની હકિકતો પણ ધ્યાને લેવાની રહે છે. વધુમાં કોર્ટે કામ ચલાઉ મનાઈ હુકમની અરજી નકિક કરતી વખતે એ હકિકત પણ ધ્યાને લેવાની રહે છે કે કામ ચલાઉ મનાઈ હુકમની દાદનો મુખ્ય ઉદેશ પક્ષકારો વચ્ચેની તકરારનો નિકાલ ન થાય ત્યાં સુધી દાવાની વિષય વસ્તુની યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો છે, એટલ કામ ચલાઉ મનાઈ હુકમની દાદના તબકકે આપવામાં આવતી દાદ,દાવાની આખરી દાદના સ્વરુપની ન હોવી જોઈએ, કારણ કે આખરી દાદ દાવાના અંતે આપી શકાય, અથવા ન પણ આપી શકાય, જયારે પક્ષકારો પોત પોતાના હકકો અંગે લડતા હોય અને તેમણે પોતાના હકકો સ્થાપીત કર્યા ના હોય તેવા વચગાળાના તબકકે વચગાળાની દાદ સાથે દાવો મંજુર થઈ જતો હોય, તેવી દાદ પણ આપી શકાય નહી. તેમજ મનાઈ હુકમની અરજી નકિક કરતી વખતે કોર્ટે એ પ્રશ્નનો પણ વિચાર કરવાનો રહે છે કે,પ્રતિવાદીને કાયદાથી મળેલ અધિકારોમાં અંતરાય કરવુ એ ખુબજ ગંભીર બાબત છે અને મનાઈ હુકમનો કોઈ નિર્ણય કરતા પહેલા અન્ય પક્ષકારોને થનાર નુંકસાન અને પડનારી હાલાકીનો પણ વિચાર કોર્ટે કરવાનો રહે છે. આ તમામ સંજોગોને ધ્યાને લઈ મનાઈ હુકમ આપતી વખતે કોર્ટે તેની વિવેકાધિન સત્તાનો ઉપયોગ ન્યાયીક રીતે કરવાનો છે વચગાળાના તબકકે હાલની અરજીમાં જણાવ્યા મુજબની દાદ

મેળવવા આવનાર પક્ષે પ્રથમ તો પોતાનો કેસ પ્રાયમાફેસી કેસ છે તેવુ દર્શાવવુ પડે. આ કામમાં વાદીઓએ પોતાના દાવાનો મુખ્ય આધાર માટે

(૭.૨) **આ કામે મુદ્દા નં.૧ થી ૩ એકબીજા સાથે પરસ્પર રીતે સંકળાયેલ હોઈ, ઉપરોકત મુદ્દાઓના પુનરાર્વન ટાળવા સારુ તેના નિર્ણય માટેના કારણોની ચર્ચા એકસાથે કરવામાં આવે છે.** વચગાળાના તબકકે હાલની અરજીમાં જણાવ્યા મુજબની દાદ મેળવવા આવનાર પક્ષે પ્રથમ તો પોતાનો કેસ પ્રાયમાફેસી કેસ છે તેવુ દર્શાવવુ પડે. આ કામમાં વાદીઓએ પોતાના દાવાનો મુખ્ય આધાર માટે વાદીએ માર્ક–૪/૧ થી માર્ક–૪/૨ થી ગામ નુમના નંબર ૭ અને ૧૨ તથા ૮–અ ની નકલો રજુ રાખેલ છે. જે વંચાણે લેતા દાવાવાળી જમીન રેવન્યુ રેકર્ડમાં પ્રતિવાદી નંબર ૧ થી ૨ ના ખાતે છે. વધુમાં માર્ક–૪/૩ થી જમીન વેચાણ કરારની નકલ રજુ કરેલ છે, જે વંચાણે લેતા તેમાં વેચાણ રાખનાર તરીકે વાદી છે. જયારે વેચાણ આપનાર તરીકે પ્રતિવાદી નંબર ૧ અને ૨ છે. તેમજ માર્ક ૪/૪ થી વાઉચર પહોચ છે. તેમાં રૂા. ૫,૦૦,૦૦૦/ વાદીએ પ્રતિવાદી નંબર–૧નાઓને ચુકવેલ છે. તેની પહોચ છે. અને તેમાં પ્રતિવાદી નંબર– ૧ નાઓની સહી છે. તેમજ માર્ક ૪/૪/૧ થી વાઉચર પહોચ છે. તેમાં રૂા. ૧૧,૦૦૦/ વાદીએ પ્રતિવાદી નંબર–૧ નાઓને ચુકવેલ છે. તેની પહોચ છે. અને તેમાં પ્રતિવાદી નંબર–૧ નાઓની સહી છે.માર્ક ૪/૫ થી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ની નકલ રજુ છે. વંચાણે લેતા તેમાં વેચાણ રાખનાર તરીકે પ્રતિવાદી નંબર ૩ અને ૪ છે. જયારે વેચાણ આપનાર તરીકે પ્રતિવાદી નંબર ૧ અને ૨ છે. માર્ક ૪/૬ થી ગામ નમુના નંબર–૬ હકક પત્રકની નકલ રજુ છે. સદર તમામ દસ્તાવેજો ધ્યાને લેતાં, માર્ક–૪/૩ નો વેચાણ કરાર પ્રતિવાદી નંબર – ૧ અને ૨નાએ તા. ૪/૯/૨૩ ના રોજ વાદીની તરફેણમાં કરી આપેલ છે અને રૂા.૫,૧૧,૦૦૦/– અવેજ પેટે ગયેલ છે તેવુ સ્પષ્ટ લખી આપેલ

છે.જયારે સદર કરારમાં પ્રતિવાદી નંબર–૧ અને ૨ નાઓની સહી છે.વધુમાં પ્ર તિવાદીઓ પોતાના વાંધા જવાબમાં કરાર થયેલાની હકીકતને સમર્થન આપે છે. તે સંજોગોમાં સદર કરારની હકીકતો નહી માનવાને કોઈ કારણ નથી.પ્રતિવાદીએ કરાર રદ્દ કરાવવાની કોઈ કાર્યવાહી કરેલ નથી,તે સંજોગોમાં હાલના તબકકે માર્ક–૪/૩ નો કરાર ખોટો હોવાનુ માની શકાય નહી. આમ, વાદીના સમગ્ર દસ્તાવેજ ધ્યાને લેતાં, પ્રતિવાદી નંબર ૧ અને ૨નાએ પ્રથમ તેના માલિકીની મિલકત અંગે વાદીની તરફેણમાં વેચાણ કરાર કરી આપેલ છે. અને તે ખોટો હોવા અંગે પ્રતિવાદીએ કોઈ વિરુધ્ધનો પુરાવો રજુ કરેલ નથી, તે સંજોગોમાં માર્ક–૪/૩ નો કરાર હાલના તબકકે પ્રતિવાદીએ કરી આપેલ હોવાનુ માનવાનુ કારણ રહે છે. જેથી, વાદીનો પ્રથમ દર્શનીય કેસ હોય,દાવાવાળી મિલ્કત દાવો ચાલતા દરમ્યાન પ્રતિવાદીઓ અન્યને વેચાણ કરી આપે તો, વધુ દાવા દુવી ઉપસ્થિત થાય તેમ છે. આથી, વાદીને સી.પી.સી. ઓર્ડર–૩૯, રુલ–૧,૨ નું રક્ષણ આપવાનું વ્યાજબી અને ન્યાય જણાય છે. આમ, ઉપરોકત તમામ ચર્ચા તથા બંને પક્ષોનાં દસ્તાવેજી પુરાવાની હકીકત ધ્યાને લેતાં, વાદીનાં દાવાની હકીકતો તથા દસ્તાવેજી પુરાવાથી,પ્રતિવાદીએતેની માલિકીની મિલ્કત અંગે વાદીની તરફેણમાં વેચાણ કરાર કરી આપેલ હોવાનું પ્રથમ દર્શનીય પુરવાર થતુ હોય, સગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે. તેમજ દાવો ચાલતા સમય જાય તેમ હોય, દાવો ચાલતા દરમ્યાન વધુ દાવાદુવી ઉપસ્થિત થાય તેમ છે, તે સંજોગોમાં વાદીનેમનાઈહુકમ ન આપવાથી વાદીને નાણાંમાં ના આંકી શકાય તેવુ નુકશાન જાય તેમ છે. આથી,તમામ હકીકતો ધ્યાને લેતાં , સ્પેશીફીક રીલીફ એકટ તથા સી.પી.સી.ની જોગવાઈ અનુસાર મનાઈહુકમ મેળવવાનાં ત્રણેય તત્વો વાદીની તરફેણમાં પુરવાર થાય છે.જેથી, મુદ્દા નં.૧

થી ૩ નો જવાબ અંશતઃ હકારમાં આપી, મુદ્દા નં.૪ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

–:: હુ ક મ ::–

(૧) વાદીની આંક–૫ ની વચગાળાનો મનાઈ હુકમ મળવાની અરજી અશ:ત મંજુર કરવામાં આવે છે.

(૨) આથી વચગાળાના તબ્બકે એવો હુકમ કરવામાં આવે છે.કે પ્રતીવાદી નંબર ૩ અને ૪ એ અન્ય કોઈ પણ રીતે વેચાણ કરાર વાળી જમીન વેચાણ ગીરો,બક્ષીસ, કે કોઈ પણ જાતના બોજા કે હેતુ ફેર કે કોઈ પણ જાતના તબદીલી કે અન્ય કોઈ લખાણ કે કરારો કે અન્ય કોઈપણ પ્રકારે ટ્રાન્સફર કરવી કરાવવી નહી.

(૩) અરજીનો ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે

આ હુકમ આજ તારીખ **૩જી**, માહે **ઓગસ્ટ** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો".

મુકામ : પ્રાંતિજ
તારીખ : ૩/૦૮/૨૦૨૬.

(સ્નેહલ મૃદુલભાઈ શુકલ)
એડીશ્નલ સીનીયર સિવિલ જજ,
પ્રાંતિજ
કોડ નંબર (GJ-01383)